## વલસાડમાં હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થયો

# 13 ઓગસ્ટે વાપીમાં જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા યોજાશે

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

દેશભરમાં ચાલી રહેલા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં 7થી 13 ઓગસ્ટ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે. જિલ્લાના મુખ્ય કાર્યક્રમ તરીકે 13 ઓગસ્ટે સવારે 9 વાગ્યે વાપી મહાનગરપાલિકા ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. જિલ્લા વહીવટી તંત્રે નાગરિકોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે.

આ કાર્યક્રમની તૈયારીઓ અંગે શુક્રવારે કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તિરંગા યાત્રામાં પોલીસ બેન્ડ દેશભક્તિના સૂરોથી વાતાવરણ ગુંજાવશે. ઘોડેસવાર પોલીસ દળ વિશેષ આકર્ષણ બનશે. આ ઉપરાંત સાયકલ અને બાઈક રેલી, NSS-NCCના કેડેટ્સ, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ વિવિધ સાંસ્કૃતિક ટીમો ઉત્સાહભેર ભાગ લેશે. યાત્રાને "વંદે માતરમ"ના 150 વર્ષની ઉજવણી સાથે જોડવામાં આવી છે. તેમાં મૂળ સ્વરૂપમાં "વંદે માતરમ"નું ગાન પણ કરવામાં આવશે.

યુવા વિકાસ અધિકારી હેમાલીબેને જણાવ્યું હતું કે જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોથી લઈને તાલુકા અને નગરપાલિકા સ્તર સુધી તિરંગા યાત્રાઓ યોજાશે. શાળા-કોલેજોમાં વ્યાખ્યાન, ચર્ચાસભા, પ્રદર્શન, દેશભક્તિ આધારિત જાગૃતિ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે. અભિયાન દરમિયાન "વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ"ની પણ ગૌરવપૂર્ણ ઉજવણી થશે. તેમાં દેશના વિભાજન દરમિયાન થયેલી પીડા અને બલિદાનને યાદ કરવામાં આવશે. ઉપરાંત 14 ઓગસ્ટે વલસાડ શહેરમાં કેન્ડલ માર્ચનું આયોજન પણ કરવામાં આવ્યું છે.